જન્મદિને વધામણી

અશેષ ત્રિવેદી
મો. ૯૭૨૬૦ ૬૧૬૭૭

શ્રદ્ધા એન પટેલ
(આશાપુરા ગ્રુપ)
મો. ૯૬૨૪૧ ૨૯૨૪૧

ઉષા તટુ
લાયોનેસ ક્લબ

ચીમનભાઈ આર સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬

નિસર્ગ વાય શુક્લ
વેબ ડેવલપર
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭

રોહિત પાલ

મંથન સંજયકુમાર ત્રિવેદી
મો. ૮૪૮૭૦ ૮૯૩૨૭

ન્યૂ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ૧૮મીથી શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ગાંધીનગર, તા. ૧૦

ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ શ્રી ગિરનારી પરિવાર, ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૮થી ૨૪ એપ્રિલ દરમિયાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કુડાસણ ખાતે કરવામાં આવ્યું છે.

સહજાનંદ સિટી પરિવારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે સરદાર ચોક, પ્રોમીનન્ટ હોટલની સામે, કુડાસણ, ગાંધીનગર ખાતે સર્વ પિતૃ મોક્ષાર્થે આયોજિત આ કથાનો સમય નિત્ય સવારે ૮.૩૦થી ૧૧ કલાક દરમિયાનનો રહેશે. તા. ૧૮ એપ્રિલના રોજ બપોરે ૪.૩૦ કલાકે પોથીયાત્રા કુમુદબેન હિતેન્દ્રભાઈ રાવલના નિવાસસ્થાનેથી નીકળીને કથાસ્થળે પહોંચશે. રાત્રે ૮.૩૦ કલાકે ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલી દીપ પ્રાગટ્ય કરશે અને ત્યારબાદ કથાનો પ્રારંભ કરવામાં આવશે. બોલયોગીની સાધ્વી શ્રી ગીતાદીદીજી પોતાની આગવી શૈલીમાં સૌમ્ય અને ભક્તિમય વાતાવરણમાં ભાગવત કથામૃતનું સંગીતના સથવારે રસપાન કરાવશે.

કથા અંતર્ગત કપિલ પ્રાગટ્ય તા. ૧૯ એપ્રિલ ને ગુરુવારના રોજ, નૃસિંહ તેમજ વામન પ્રાગટ્ય તા. ૨૦ એપ્રિલ ને શુક્રવારના રોજ, રામ જન્મ તથા કૃષ્ણજન્મ (નંદોત્સવ) તા. ૨૧ એપ્રિલ ને શનિવારના રોજ અને રૂક્ષ્મણી વિવાહ તા. ૨૩ એપ્રિલ ને સોમવારના રોજ ઉજવવામાં આવશે.

તા. ૨૪ એપ્રિલ ને મંગળવારે રાત્રે ૧૧ કલાકે કથા વિરામ લેશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ૨૫મા સ્થાપના દિવસ નિમિત્તે

બે દિવસમાં બે રાષ્ટ્રીય સંમેલન

ગાંધીનગર, તા. ૧૦

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ૨૫મા સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના નિદેશક તથા કાર્યકારી કુલસચિવ પ્રૉ. ડૉ. અમી ઉપાધ્યાયે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે રાષ્ટ્રીય સંમેલન 'રાષ્ટ્રે જાગૃયામ વયમ' તા. ૧૩-૧૪ એપ્રિલ દરમિયાન યોજવામાં આવ્યું છે.

આ સંમેલનનો ઉદ્ઘાટન સમારોહ તા. ૧૩ એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે યુનિવર્સિટી ખાતે યોજાશે. ઉદ્ઘાટનકર્તા તરીકે ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલી, અતિથિ વિશેષ તરીકે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને વિભાવરીબેન દવે ઉપસ્થિત રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પંકજ એલ જાનીની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહેશે.

રાષ્ટ્રીય સંમેલન 'બૌદ્ધ ધર્મ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરજી'નું આયોજન તા. ૧૪ એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. સવારે ૧૦.૩૦ કલાકે આયોજિત આ સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં ઉદ્ઘાટક તરીકે ભારતીય જનતા યુવા મોરચાનાં અધ્યક્ષ અને સાંસદ પૂનમ મહાજન, અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્ય ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલ, મોરબી જિલ્લા ભાજપના સચિવ પ્રજ્ઞેશ વાઘેલા ઉપસ્થિત રહેશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પંકજ એલ જાનીની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહેશે.

નગરમાં વૅકેશનનો માહોલ જામવાને આરે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં ધીમા પગલે પ્રવેશી ગયેલો વૅકેશનનો માહોલ હવે પોતાનું પૂર્ણ સ્વરૂપ ધરવા જઈ રહ્યો છે અને વૅકેશનની પ્રવૃત્તિઓની એંધાણીઓ દેખાઈ રહી છે.

ગાંધીનગરમાં વૅકેશન એટલે અનેક પ્રવૃત્તિઓથી ધમધમતી શિબિરો, હરવું-ફરવું, ખાણીપીણી અને જાહેર બગીચાઓ, રસ્તાઓ પર મોડી રાત સુધી બેસી રહેવું. ગાંધીનગરનો એ ઇતિહાસ રહ્યો છે કે રાજ્યના અન્ય કોઈપણ શહેરમાં ન યોજાતી હોય એટલી શિબિરો અહીં યોજાય છે. વૅકેશન પડતાં પહેલાં તો શિબિરોની જાહેરાતો પણ આવી જાય છે ને પરીક્ષા પૂર્ણ કર્યા પહેલાં તો અહીં શિબિરાર્થીઓ નક્કી પણ કરી લે છે કે કયા સમયગાળા દરમિયાન કઈ શિબિરમાં જવું. વિવિધ કલાઓની તાલીમ માટે ગાંધીનગર શહેરમાં યોજાતી અને ટ્રેકિંગ, માઉન્ટેનીયરિંગ માટે રાજ્ય બહાર યોજાતી શિબિરો અહીં ભરપૂર ચાલે છે. ગાંધીનગરની એ વિશેષતા પણ છે કે અહીં કોઈપણ શિબિર ખાલી નથી જતી. દરેક શિબિરને ઉલ્લેખનીય સંખ્યામાં શિબિરાર્થીઓ મળી પણ રહે છે. એટલી મોટી સંખ્યામાં અહીં વૅકેશન દરમિયાન શિબિરો યોજાય છે કે 'વૅકેશન પૂરું થતાં પહેલાં શિબિરોનો થાક ઉતારવા માટે પણ એક શિબિર યોજવી જોઈએ' એવું અહીંના નાગરિકો હસતાં-હસતાં કહે છે.

ત્રણ જેટલી કલાશિબિરોની અને એક સાહસિક પ્રવૃત્તિઓની જાહેરાત તો આવી પણ ચૂકી છે અને એ માટેનાં ફોર્મ્સનું વિતરણ ને પૂછપરછની વિધિ પણ ચાલુ થઈ ગઈ છે. એક બાળશિબિરનો તો આરંભ પણ સોમવારથી કરી દેવામાં આવ્યો છે, જે દસેક દિવસ ચાલશે.

એક મોટો વર્ગ એવો પણ છે નગરમાં કે જે ગરમીની મોસમમાં બહારગામ કે રાજ્ય બહાર ફરવા જવાનું પસંદ કરે છે. આ માટે રેલવે, પ્લેન, હોટલ વગેરેનાં બૂકિંગ્સ આવા પરિવારોએ પૂર્ણ કરી દીધાં છે અને આ પરિવારો હવે છેલ્લી ઘડીની ખરીદી માટે થનગની રહ્યા છે. સ્કૂલકક્ષાએ મોટાભાગની પરીક્ષાઓ ૧ ઉમીએ પૂર્ણ થઈ રહી છે એટલે ૧ ઉમીથી ગાંધીનગરમાં ભરપૂર વૅકેશન દેખાશે અને ગાંધીનગરની ઓળખ સમી રાતની રોનક પણ દેખાશે. સ્વર્ણિમ પાર્ક, ઘ-૨, ઘ-૦, મહાત્મા મંદિર, ચ-૫, ઘ-૫ જેવાં સ્થળો રાતની રોનક માટે ફેવરિટ છે. અહીં મોટા પ્રમાણમાં રાત્રે નાગરિકોને ફરતા કે બેઠેલા જોઈ શકાશે. સિનેમા અને રેસ્ટોરન્ટની રોનક પણ અનેકગણી વધી જશે અને રાતના સમય દરમિયાન અહીં જગ્યા મેળવવી અઘરી થઈ પડશે એ દિવસો હવે દૂર નથી. વર્ષભરનો થાક એક વૅકેશનમાં ઉતારીને જિંદગી માટે ફરી તૈયાર થઈ જનારા પોઝીટીવ નાગરિકો અહીં વસે છે ને એમના માટે ફરી એક વૅકેશન હવે આવી જ રહ્યું છે. નાગરિકો એના માટે તૈયાર થઈને બેઠા છે, જે ઉજવશે હવે વૅકેશનને ભરપૂર રીતે અને દિલથી.

ભાડજના હરેકૃષ્ણ મંદિરનો પાટોત્સવ ૧૪થી ૧૮ એપ્રિલ દરમિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

હરેકૃષ્ણ મુવમેન્ટ તેના વાર્ષિક તૃતીય પાટોત્સવ પર્વની ભવ્ય ઉજવણી હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે તા.૧૪ એપ્રિલથી ૧૮ એપ્રિલ દરમિયાન ઉજવશે. પાંચ દિવસીય આ પાટોત્સવનાં પ્રથમ દિવસે અંદાજિત ૪૦ લાખનાં સુવર્ણમંડિત રથ સાથેની રથયાત્રા નિજ મંદિર પરિસરમાં ફરશે. સાથે જ નૌકા વિહારનું આયોજન પણ કરાયું છે. ભજન-સંધ્યા અને હિંડોળા ઉત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

હરેકૃષ્ણ મંદિર, ભાડજના સ્વામી રાયરામદાસજીએ જણાવ્યું કે, હરેકૃષ્ણ મંદિરનું ઉદ્ઘાટન તા.૨૧મી એપ્રિલ, ૨૦૧૫ના રોજ અક્ષયતૃતીયાના દિવસે કરાયું હતું. આ પાંચ દિવસીય ઉત્સવની ઉજવણીની શરૂઆત શનિવાર, તા.૧૪મી એપ્રિલથી થશે અને તા.૧૮મી એપ્રિલ, અક્ષયતૃતીયાએ પૂર્ણાહુતિ થશે. થનાર છે. દરરોજ સાંજે ૬ વાગ્યાથી ઉત્સવની શરૂઆત થનાર છે. પ્રથમ દિવસે અંદાજિત ૪૦ લાખનાં સુવર્ણથી મંડિત રથ સાથેની સુવર્ણ રથયાત્રા સાંજે ૬.૩૦ વાગ્યે નિજ મંદિર પરિસરમાં નીકળશે. તા.૧૫મીએ સાંજે ૬.૩૦ વાગ્યે પાલખી યાત્રા, ત્યારબાદ બ્રહ્મ રથયાત્રા અને મૌલિક શાહ-ઈશિરા પરીખ અને આનર્ત ડાન્સ ગ્રુપ દ્વારા કૃષ્ણલીલા વિષયવસ્તુ પર કથક નૃત્યનું નિરૂપણ થશે. તા.૧૬મીએ સાંજે ૫.૩૦ વાગ્યે શ્રી શ્રી રાધા માધવ રથ યાત્રાનું આયોજન કરાયું છે. જે અંતર્ગત ગાયત્રી મંદિર, શાહીબાગથી આ યાત્રા પ્રારંભ થઈને માહેશ્વરી સેવા સમિતિ ખાતે પૂર્ણ થશે. તા.૧૭મીએ ચાંદખેડા વિસ્તારમાં શ્રી શ્રી રાધા માધવ રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે તા.૧૮મી એપ્રિલના રોજ સાંજે ૪.૩૦ વાગ્યે કીર્તન ઉત્સવ યોજાશે.

અમદાવાદનો કાર્યક્રમ : 'ફ્રી સ્લિપર ફોર ઑલ'

ગાંધીનગર, તા. ૧૦

આજના સમયમાં જ્યારે બાળકોને ટીવી, મોબાઈલ અને કોમ્પ્યુટરની આદત પડી ગઈ છે ત્યારે સર્વયોગમ સ્કૂલમાં ધોરણ ૯માં ભણતા વ્રજ રાવે ગરીબ બાળકો માટે કોઈ સારુ કાર્ય કરવાનું વિચાર્યું. આ વિચાર વ્રજને એક ઘટના પરથી આવ્યો, જ્યારે વ્રજ નાનો હતો ત્યારે તેના દાદાએ તેને નવા સ્લીપર અપાવ્યા હતા. વ્રજને લઈને દાદા ઘરે આવતા હતા ત્યારે એક ગરીબ બાળક ધોમધખતા તડકામાં સ્લીપર વગર ઉભો હતો અને આ જોઈને તેના દાદાએ વ્રજના સ્લીપર તેને આપી દીધા ત્યારે વ્રજ રડવા લાગ્યો. વ્રજ નવા સ્લીપર આપવા તૈયાર નહોતો ત્યારે દાદાએ વ્રજને ઉંચકી અને નવા સ્લીપર અપાવ્યા અને તેને સમજાવ્યો કે તને મારી હુંફ છે, તો તું પણ આ જ રીતે જરૂરીયાત મંદો માટે સારા કાર્યો કરીને એમને હુંફ આપજે. 'જરૂરિયાત મંદો માટે આપણાથી થાય એટલા સારા કાર્યો કરવા'. આ વાતની વ્રજનાં મન ઉપર ઊંડી અસર થઈ.

ગત દિવાળીના વેકેશનમાં તેને આવનાર સમયમાં ગરીબ બાળકોને સ્લીપર આપવાની ઝુંબેશ વિશે વિચાર્યું અને પરિવાર સમક્ષ રજૂઆત કરી. આ કાર્યમાં પરિવાર ઉપરાંત શરૂઆતથી જ કૃણાલ શાહ, જયેન્દ્રસિંહ પરમાર, નિરવ બારોટ તથા વડીલ ભાવનાબેન ત્રિવેદી જેઓએ વ્રજને સતત સાથ સહકાર આપેલ છે. જરૂરિયાત મંદોને સ્લીપર આપવા તથા જન જાગૃતિ માટે 'ફ્રી સ્લિપર ફોર ઓલ' નામની ઝુંબેશ ડોર ટુ ડોર ફરી અને ચાલુ કરેલ છે. અત્યાર સુધીમાં વિવિધ વિસ્તારમાં ૫૦૦ ઉપર ડોર ટુ ડોર ઘર ફરેલ છે. જેમાં અત્યાર સુધી આર્થિક સહકારમાં ખૂબ સારો પ્રતિસાદ મળેલ છે તદઉપરાંત વિદેશમાંથી યુ.એસ.એ.ના આશાબેન પટેલ તથા આફ્રિકામાં રહેતા આકાશ કાપડિયાએ મદદ કરેલ છે. આ સદકાર્યમાં સમાજનાં અગ્રણી એવા કથાકાર રમેશભાઈ ઓઝા, જગન્નાથ મંદિરના મહંત દીલીપદાસજી મહારાજ, રાજ્યના મુખ્યમંત્રી વિજભાઈ રૂપાણી, વિપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, જાણીતા ગાયક અરવિંદ વેગડા તથા કુસુમબેન વ્યાસ જેવા લોકોએ સહયોગ આપેલ છે.

આ એપ્રિલમાં જરૂરિયાત મંદોને ૧૦૦૦ સ્લિપરનું વિતરણ વ્રજ રાવ તથા હુંફના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવશે. ત્યારબાદ જે પણ ફાળો આવશે તેના સ્લિપરનું વિતરણ મે મહિનામાં કરવામાં આવશે. વિશેષમાં વ્રજ રાવની સ્કૂલ સર્વયોગમમાંથી શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ ભેગા થઈને દરેક વિદ્યાર્થીઓના ઘરેથી પસ્તી એકત્રિત કરી અને તેના દ્વારા મળેલ રૂપિયા વ્રજને ગરીબ બાળકો માટે સ્લિપર ખરીદવામાં સહયોગ રૂપે આપેલ છે.

નીકટતા, સ્નેહ, પ્રેમ વચ્ચે હઠ અને સંબંધોમાં મોટી ખાઈ

(ગતાંકથી ચાલુ)

એ યુવાનનાં પ્રશ્નને ફરી પાછો યાદ કરીએ તો "માનવીય સંબંધોનું આયુષ્ય કેટલું હોવું જોઈએ?" આ પ્રશ્નનો આદર્શ ઉત્તર ના હોઈ શકે છતાં આપવો હોય જ તો એવું કહી શકાય કે સંબંધોનું આયુષ્ય આજીવન હોવું જોઈએ. બંને સંબંધીઓ જીવંત હોય ત્યાં સુધી સાચા અર્થમાં એ સંબંધ ટકી રહેવો જોઈએ. અરે, સંબંધો માત્ર આજીવન જ શા માટે? તેનાથી પણ આગળ વિચારીએ, તો આપણે આ ફાની દૂનિયા છોડીને જતાં રહીએ પછી પણ આપણાં સંબંધીઓનું જીવન આપણાં વિના ખાલીખમ લાગે, તેઓને આપણી ખોટ સાલે, આપણી ગેરહાજરીની સતત નોંધ લેવાય એટલું આયુષ્ય હોવું જોઈએ આપણાં સંબંધોનું.

આ એક આદર્શ પરિસ્થિતિની વાત થઈ. વાસ્તવિક વાત કરીએ તો આપણાં સંબંધોનું આયુષ્ય આપણે ઈચ્છીએ ત્યાં સુધીનું તો હોવું જ જોઈએ. ક્યારેક એવું બને છે કે આપણાં કુદરતી સંબંધો, કૌટુંબિક સંબંધો માત્ર નામથી કાયમ હોય છે પણ હૃદયથી કાયમ નથી હોતા. માતા-પિતા-બાળકો, પતિ-પત્ની, દાદા-દાદી, મામા-મામી, નાના-નાની, ભાઈ-ભાભી, સાથે આપણે કુદરતી રીતે સંબંધોથી જોડાયેલા છીએ છતાં એ સંબંધો પણ ક્યારેક આજીવન ટકી શકતા નથી અથવા તો એ સંબંધો પણ ક્યારેક માત્ર નામ પૂરતા જ રહી જતાં હોય છે.

એ યુવકનો બીજો પ્રશ્ન તીક્ષ્ણ અને ધારદાર હતો કે શા માટે વ્યક્તિના સંબંધો કાયમી ટકી નથી શકતા? શા માટે સંબંધો ટૂંક સમયમાં જ તૂટી જાય છે?

અર્થશાસ્ત્રનો એક શબ્દ છે "infant mortality. અર્થાત, બાળમરણ. આપણાં ઘણા સંબંધો એવા હોય છે જેનું બાળમરણ થતું રહે છે.

આપણાં સૌના જીવનના ઘણા એવા સંબંધો હશે જેનું બાળમરણ થઈ ગયું હશે અને આપણને યાદ પણ નહીં હોય. આમ છતાં એક વાત નિશ્ચિત છે કે જ્યારે પણ એ સંબંધોનું બાળમરણ થયું હશે ત્યારે બંને પક્ષે નહીં તો એક પક્ષે તો એ મરણની ના સહી શકાય એવી વેદના થઈ હશે અને એ મરણનો થોડા દિવસ શોક પણ પાળ્યો હશે.

કોઈપણ પ્રકારના સંબંધો લાંબો સમય ના ટકવાના કારણો તપાસીએ તો એક વાત નિશ્ચિત છે કે તેને માટે બંને પક્ષ વત્તે-ઓછે અંશે જવાબદાર હોય છે. સંબંધ તૂટવા માટે કોઈ એક જ પક્ષને કાયમ માટે જવાબદાર ના ઠેરવી શકાય કે દોષનો ટોપલો કોઈ એક જ વ્યક્તિ ઉપર કાયમ માટે ના ઢોળી શકાય. હા, ક્યારેક એવું બને છે કે બંને વચ્ચેના સંબંધોનો અંત આવ્યો હોય તેને માટે એક જ વ્યક્તિ જવાબદાર હોય પણ આવું જવલ્લે જ બનતું હોય છે.

વ્યક્તિના સંબંધો બંધાય છે, બંને એકબીજાને ઓળખે છે, જાણે છે અને સમજે છે ત્યારે સૌ પ્રથમ બંનેનાં જીવનના મૂલ્યોની એકબીજાને ઓળખ થાય છે. સંબંધો વિકસ્યા પછી ખૂબ જ ટૂંકા ગાળામાં આ પ્રકારની ઓળખ થઈ જતી હોય છે. કોઈપણ સંબંધની ઈમારતના પાયામાં વ્યક્તિનાં જીવનનાં મૂલ્યો રહેલા હોય છે. બંને વ્યક્તિના જીવનનાં મૂલ્યો થકી જ સંબંધો ટકી શકતા હોય છે. બંને વ્યક્તિને જ્યારે એવું લાગે છે કે પોતપોતાના જીવનનાં મૂલ્યો એકબીજાને સુસંગત નથી અને બંનેનાં મૂલ્યોનો એકબીજા સાથે મેળ નહીં ખાય ત્યારે એ સંબંધોની ઈમારત હચમચી જાય છે. સંબંધોની હચમચી રહેલી એ ઈમારતને ટકાવવા માટે જો પ્રયત્ન ના કરવામાં આવે તો તે કડડડભૂસ થઈને ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે. સંબંધો ટકાવવા માટે બંને વ્યક્તિ વચ્ચે મૂલ્યોની સુસંગતતા ખૂબ જ જરૂરી છે. મદન મોહનજી અને રઈસ ખાનનો એ કિસ્સો ફરી પાછો યાદ કરીએ, તો એ બંને વ્યક્તિનાં સંબંધો વ્યાવસાયિક સંબંધોથી પર એવા અંગત સંબંધો પણ હતા. સૌ પ્રથમ મદન મોહનજી એ ફી ચૂકવવા માટે શિષ્ટાચાર કર્યો જે ઉસ્તાદને ના ગમ્યું. કદાચ તેમને અપમાન જેવુ પણ લાગ્યું હોય. તેમના હૃદયને ઠેસ પણ પહોંચી હોય. રાઈસખાન પણ ગાંજયા જાય એવા ના હતા. કદાચ પોતાને લાગેલી ચોટનો બદલો લેવા માટે તેમણે પણ મદન મોહનજીને "બોલો તમે કેટલી ફી લેશો" એવું પૂછીને તેના હૈયાને પણ ચોટ આપી.

આપણાં સંબંધોમાં જ્યારે કોઈપણ વ્યક્તિ જાણે અજાણ્યે આપણને દુખ પહોંચાડે છે ત્યારે તેનો બદલો લેવા માટે આપણે તલપાપડ થઈ જતાં હોઈએ છીએ. જ્યારે તક મળે ત્યારે ઘા મારવાનું ચૂકતા નથી. અરે, ક્યારેક તો તક ઊભી કરીને પણ ઘા મારી દઈએ છીએ. આવું થાય ત્યારે એ સંબંધો એકદમ નવા હોય, તાજા હોય કે જૂના હોય, તૂટીને જ રહે છે. મદન મોહનજી અને રાઈસખાનના કિસામાં પણ કદાચ આવું જ બન્યું. બંનેને પોતાના અપમાન જેવુ લાગ્યું અને બંને એ ક્ષણને સાચવી ના શક્યા અને જીવનભર એકબીજાથી દૂર થઈ ગયા.

આપણાં જીવનમાં વારંવાર સંબંધોના બાળમરણ થતાં રહેશે તો બહુ ઓછા સંબંધો ટકી શકશે. સંબંધોના વારંવાર થતાં બાળમરણનાં આઘાત ને કારણે આપણી લાગણીઓ ધીમે ધીમે બુઠ્ઠી થઈ જશે, બહેરી બની જશે. એકવાર આવું થશે પછી સંબંધો તૂટવાનો અવાજ પણ આપણાં કાન સુધી નહીં પહોંચી શકે. સંબંધો તૂટતાં રહેશે અને આપણાં બહેરા કાન અને બુઠ્ઠી લાગણીઓને ખબર પણ નહીં પડે. અંતે પરિણામ એવું આવશે કે આપણું જીવન સંબંધો વિનાનું વેરાન બની જશે જેનો તાપ આપણે સહન નહીં કરી શકીએ.

વ્યક્તિ વ્યક્તિના વિકસતા સંબંધો, ગાઢ થતાં સંબંધો અને છાસવારે તૂટતાં સંબંધોનું જ્યારે વિશ્લેષણ કરીએ છીએ ત્યારે એક સવાલ મનમાં સતત ગુંજતો રહે છે અને એ સવાલ એ છે કે આપણાં સંબંધોની બાજી આખરે કોના હાથમાં? આપણાં સંબંધોનું હુકમનું પાનું કોના હાથમાં? આપણાં તૂટતાં સંબંધો માટે મોટે ભાગે આપણે સામેની વ્યક્તિને દોષ દઈએ છીએ પણ એવું કરવાની જરૂર નથી. કોઈપણ સંબંધો વિકસે છે તો તેનું શ્રેય આપણને જ જાય છે અને કોઈ જ સંબંધ તૂટે છે તો તેના માટે પણ આપણે અને માત્ર આપણે જ જવાબદાર છીએ. તૂટતાં સંબંધો થકી કદાચ જો આપણાં મનને શાતા મળતી હોય તો તૂટવા દઈએ. તૂટતાં સંબંધો થકી જો આપણાં હૃદયમાં વેદના થતી હોય, દુઃખ પહોંચતું હોય, હૈયામાથી વેદનાની એક ટીસ નિકળતી હોય તો તૂટી રહેલા સંબંધોને બચાવવા પ્રયત્ન કરીએ. આપણાં સંબંધોનાં ભાગ્યવિધાતા આપણે પોતે જ છીએ.

આર્થોપ્લાસ્ટીકની ૧૨મી નેશનલ કોંગ્રેસ ૧૩થી ૧૫ દરમિયાન અમદાવાદમાં

ગાંધીનગર, તા. ૧૦

ઈન્ડિયન સોસાયટી ઓફ હીપ એન્ડ ની સર્જન્સ (ISHKS 2018)ની આર્થોપ્લાસ્ટિકની ૧૨મી નેશનલ કોંગ્રેસ ભારતીય આરોગ્ય ક્ષેત્રમાં સંશોધનના ઝડપથી વધતા જતા વિસ્તારની વ્યાપક સમીક્ષા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટના ક્ષેત્રના અગ્રણીઓને સાથે લાવી રહી છે. આ ત્રિદિવસીય કોન્ફરન્સ અમદાવાદના એક જાણીતા અને વિશ્વ વિખ્યાત જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન, ISHKSના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ આયોજક અધ્યક્ષ ડૉ.હરેશ ભાલોડીયાના દિશાસુચનો હેઠળ ૧૩-૧૫ એપ્રિલ દરમીયાન હોટલ રીજન્સી હયાત, અમદાવાદ ખાતે યોજાઈ રહી છે.

મુંબઈના અગ્રણી જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ડૉ.રાજેશ મણિયારે પ્રમુખ તરીકે સંબોધતા જણાવ્યું કે ISHKS એ જોઈન્ટ રિપ્લેસમેન્ટ ક્ષેત્રમાં સંશોધન અને શિક્ષણ માટે એક પ્રીમીયર સોસાયટી છે. સંશોધન અને શિક્ષણ માટેનું એનું સમર્પણ વિવિધ શાખાના ભારતીય અપકમીંગ જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન્સને જોઈન્ટ રીપ્લેસમેન્ટના ઉત્તેજનાસભર અને પડકારરૂપ ક્ષેત્રમાં જોડાવા માટે આકર્ષિત કરે છે. તેઓ આર્થોપ્લાસ્ટીના તમામ પાસાઓ શીખે છે અને ગ્લોબલ વસ્તીના હીત માટે ખાસ કરીને ગામ અને શહેરના સંધીવા (આર્થોઈટિસ) ને લીધે અશકિતથી પીડાતા લોકોના લાભ માટે તેમના જ્ઞાનનો અમલ કરે છે. અમેરિકાના અગ્રણી જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન ડેનિયલ બેરીએ ચીફ ઈન્ટરનેશનલ ફેકલ્ટી તરીકે સંબોધતાં, ભારતના સર્જનો માટે આર્થોપ્લાસ્ટીમાં તેમની સર્જીકલ અને ક્લિનિકલ કુશળતામાં સુધારો કરી શકે તે માટે વિશાળ અને આવશ્યક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ISHKS સોસાયટીને અભિનંદન આપ્યા છે. અમેરિકાના વિખ્યાત જોઈન્ટ રિપ્લેસમેન્ટ ફેકલ્ટી એન્ડ્રુ હોજે પણ ઉગતા યુવાન સર્જન્સને તેઓ પોતે ઈમ્પ્રોવાઈઝ થઈ શકે તે માટેની અને તેમના ક્લિનિકલ અનુભવો સાથે આર્થોપ્લાસ્ટીઝના વિવિધ તત્વોની ચર્ચા કરવાની આ સુવર્ણ તક ઝડપી લેવા માટે વિનંતી કરી છે. ISHKS દર વર્ષે ભારતના વિવિધ રાજ્યોના આશાસ્પદ સર્જન્સ માટે ફેલોશિપ કાર્યક્રમની જોગવાઈ કરે છે. એ શ્રેષ્ઠ વર્તમાન આર્થોપ્લાસ્ટી પ્રેક્ટિસ પર લક્ષ્ય કેન્દ્રિત કરવાનું વચન આપે છે જેથી તેમનું ક્લિનિકલ અને સર્જિકલ કૌશલ્ય સુધરે. આ ભારતના જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન્સનો સૌથી મોટો મેળો છે અને ભારતભરમાંથી ૫૦૦ જેટલા સર્જન્સ આમાં ભાગ લઈ રહ્યા છે.